પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 15-11-2026 **Midday : 2.30 to 2.35 PM**

Day : SUNDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

CM CHOTA UDEPUR

ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે. રાજ્યકક્ષાનો ઉજવણીનો કાર્યક્રમ મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં છોટાઉદેપુર ખાતે યોજાયો છે. મુખ્યમંત્રી આજે સવારે છોટાઉદેપુર પહોંચ્યા હતા અને ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરીને રોડ શો યોજ્યો હતો.

મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતીમાં આદિવાસી નૃત્ય અને પરંપરાગત વાદ્યો સાથે મોટી સંખ્યામાં લોકોએ રોડ શોમાં મુખ્યમંત્રીનું સ્વાગત કર્યું હતું. કેબિનેટ મંત્રી નરેશ પટેલ, સાંસદ જશુ રાઠવા, રાજ્યસભા સાંસદ મુકેશ રાઠવા સહીતના નેતાઓની ઉપસ્થિતીમાં યોજાયેલી આ ઉજવણીમાં સ્થાનિક આગેવાનો, નાગરિકો અને આદિવાસી સમાજની મહિલાઓ મોટી સંખ્યામાં જોડાઇ હતી.

HARSH SANGHVI VALSAD

રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આજે વલસાડના નાનાપોંઢામાં ભગવાન બિરસા મુંડાની 151મી જન્મ જયંતીની ઉજવણી કરાઈ. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સવારે નાનાપોંઢા સર્કલ ખાતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ રેલી સ્વરૂપે હેલિપેડ ગ્રાઉન્ડ સુધી શોભાયાત્રામાં જોડાયા હતા.

શ્રી સંઘવીએ પ્રદર્શનને ખુલ્લુ મુક્યા બાદ યોજાયેલા કાર્યક્રમમાં ભગવાન બિરસા મુંડાના આદર્શો, સંઘર્ષ અને જનજાતીય સમાજના ઉત્થાન માટેના તેમના યોગદાનને યાદ કરી જનજાતીય સમાજની અસ્મિતા, સંસ્કૃતિ, ગૌરવ અને વિકાસના સંકલ્પને વધુ મજબૂત કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યુ હતું કે એક જ દિવસમાં 18 હજાર આદિવાસી લોકોને વન અધિકાર પત્રો એનાયત કરાયા છે.

(બાઇટ - હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)

DANG KANU DESAI

ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે ડાંગ જિલ્લામાં પણ વિવિધ ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે ગુજરાત સરકારના મંત્રી કનુ દેસાઈ, ડાંગના ધારાસભ્ય વિજ્ય પટેલ સહિત ભાજપના આગેવાનોએ અનેકરૂપી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા તેમજ નાગ જ્યોતિર્લિંગના દર્શન કરી ભગવાન બિરસા મુંડાની આરતી ઉતારી હતી.

આ પ્રસંગે ભગવાન બિરસા મુંડાના અદમ્ય સાહસ, સંઘર્ષ, બલિદાન અને આદિવાસી સમાજના ગૌરવશાળી ઇતિહાસને યાદ કરી તેમના જીવનમુલ્યોને જનજન સુધી પહોંચાડવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

ભરૂચ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતી નિમિત્તે શ્રદ્ધા સુમન અર્પણ કરતો કાર્યક્રમ યોજાયો.

આમોદમાં પણ આમોદ-જંબુસરના ધારાસભ્ય ડી.કે. સ્વામી અને અમરેલીના સાંસદ ભરત સુતરીયાની ઉપસ્થિતિમાં ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં લાભાર્થીઓને મકાનના પ્લોટની સનદો તથા અંદાજે 200 તૈયાર થયેલા મકાનોની સનદોનું વિતરણ કરાયું.

AMC BIRSA MUNDA

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે આજે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કરાઇ હતી. ઇસનપુર સ્થિત બિરસા મુંડા ગાર્ડન ખાતે સવારે યોજાયેલા આ કાર્યક્રમમાં અમદાવાદના મેયર હિતેશ બારોટના અધ્યક્ષસ્થાને આ ઉજવણા કરાઇ હતી

આ કાર્યક્રમમાં આણંદ જિલ્લાના પ્રભારી અને પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્ર ત્રિવેદીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મેયરે જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે આયોજિત જનજાતીય ગૌરવ દિવસ એ આદિવાસી સમાજના ગૌરવશાળી ઇતિહાસ, સંસ્કૃતિ અને યોગદાનને યાદ કરવાનો અવસર છે. આદિવાસી સમાજ એ ભારતની સંસ્કૃતિ અને વિરાસતનો અભિન્ન હિસ્સો છે. પ્રકૃતિ સાથે તાલમેલ રાખીને જીવન જીવતા આ સમાજે દેશની આઝાદીથી લઈને રાષ્ટ્રના નિર્માણ સુધી મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ભગવાન બિરસા મુંડા જેવા મહાન ક્રાંતિકારીઓનું જીવન અને બલિદાન સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ છે.

આ ઉપરાંત કાર્યક્રમમાં રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું કે, આદિવાસી સમાજ એ ભારતની સંસ્કૃતિ, પ્રકૃતિ અને પરંપરાઓનો અમૂલ્ય વારસો છે. જંગલ, જમીન અને જળ સાથે આત્મીય સંબંધ ધરાવતો આ સમાજ પ્રકૃતિપ્રેમ, પરિશ્રમ, પ્રામાણિકતા, સ્વાવલંબન અને સામૂહિક જીવનશૈલીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

AMD DRUG FACTORY

અમદાવાદના સરખેજ વિસ્તારમાં નશાવિરોધી બ્યુરોએ દરોડા પાડીને ડ્રગ્સ બનાવતી ફેક્ટરીને ઝડપી પાડી છે. મોહમ્મદી પાર્ક નજીક આવેલ એક પાર્કમાં દરોડા પાડીને ડ્રગ્સની ફેક્ટરી ઝડપી પાડી હતી. મકાનના ભોંયરામાં ડ્રગ્સ બનાવાતું હતું. આ દરોડા દરમિયાન કરોડો રૂપિયાનો કાચો માલ કબજે કરવામાં આવ્યો હતો.

મકાન માલિકની અટકાયત કરવામાં આવી હતી. આરોપી મુમતપુરા રોડ પર એક કાફે ચલાવતો હતો આ કેફેમાં પણ તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક તપાસમાં ઝડપાયેલો આરોપી પણ ડ્રગ્સનો નશો કરવાની ટેવ ધરાવતો હતો. તેમજ ડ્રગ્સ બનાવવાનો સામાન મધ્યપ્રદેશમાંથી આવતો હતો. જોકે આ ફેક્ટરીમાંથી પહેલી ડિલિવરી થાય તે અગાઉ જ આ ફેક્ટરી ઝડપી પાડવામાં આવી હતી.

MORBI ACCIDENT

મોરબીના ટંકારા રાજકોટ હાઈવે પર થયેલ અકસ્માતમાં બેના મોત નિપજ્યાં છે. ગઈકાલે સ્વીફ્ટ કાર વિજ્પોલ સાથે અથડાતા બે યુવાનોને ગંભીર ઈજા પહોચી હતી. ટંકારા નજીક એક હોટલ પાસે કાર પરથી કાબુ ગુમાવી દેતા કાર પલટી મારી વીજપોલ સાથે અથડાઈ હતી. અકસ્માત મામલે ટંકારા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

COTTON

મહેસાણા જિલ્લાના માર્કેટયાડમાં દિવાળી વેકેશન બાદ લાભપાંચમને લઈ શરૂઆત કરાઈ હતી. જેમાં વિસનગર માર્કેટયાડમાં કપાસની સારી આવક નોંધાઈ છે. જેમાં 4 હજાર મણ કપાસની આવક નોંધાઈ હતી. જેનો ભાવ રૂપિયા 1400 થી 1850 સુધીના રહ્યા. જયારે ગવારના પાક માં 700 મણ ગવાર ની આવક નોંધાઈ હતી. જેનો ભાવ રૂપિયા 1311 થી લઈ ને 1611 સુધીના રહ્યા.

KHATAR BOOKING

મહેસાણા જિલ્લામાં ખેડૂતોને સબસીડી યુક્ત ખાતર સરળતાથી મળી રહે તે માટે FSAS અંતર્ગત ખાતર પ્રી બુકિંગના પાયલોટ પ્રોજેક્ટનો પ્રારંભ કરાયો છે. જેનાથી જિલ્લાના ખેડૂતો હવે મોબાઈલ એપ્લિકેશન મારફતે નજીકની રિટેલ ખાતર દુકાન અથવા સહકારી મંડળીમાંથી ખાતરનું અગાઉથી બુકિંગ કરાવી શકશે અને ખાતરની ઉપલબ્ધતા અંગે અગાઉથી જાણકારી મેળવી શકશે.